# ◄ REGULAR CIVIL SUIT No. 17/2022 ►

*[Bipinbhai Somabhai Bhoi & Ors vs Jitendrabhai Gordhanbhai Paten & Another]*
*(PCJ -Vaso)*

| | |
|---|---|
| વાદીના વિ.વકીલશ્રી | એમ.પી.બ્રહમભટ્ટ |
| પ્રતિવાદી ન.૧-૪-૫ના વિ.વકીલશ્રી | એમ.ઓ.પંજાબી |

**વાદી તરફથી રજુ થયેલ આંક-૦૫ની મનાઈ હુકમ મેળવવાની અરજી તળે હુકમ**

**(૧)વાદી દ્રારા હાલનો દાવો લાવી નીચે મુજબ તકરારી મિલ્કત માટે દાખલ કરેલ છે જેને હવે ''*દાવાવાળી મિલ્કત*'' તરીખે ઓળખાશે.**

***મોજે ગામ રામોલ તા.વ સો જિ.ખેડાની સીમમાં આવેલ બ્લોક/સ.ન.૧૫૮વાળી ખેતી લાયક જુની શરતની જમીનનો ખાતા ન. ૨વાળી જેનુ કુલ ક્ષેફળ હે.આરે ચો.મી ૦-૨૨-૬૦ વાળી જમીન જેનો આકાર રૂા.૪.૩૪વાળી છે તે પૈકી દક્ષિણ દિશાન તરફથી અડધી જમીન એટલેકે ક્ષેત્રફળ હે.આર. ચો.મી ૦-૧૧-૩૦વાળી જમીન***

વાદીઓ હાલનો દાવો લાવી સાથે આંક-પની કામચલાઉ અરજી રજુ કરી જણાવેલ છે કે દાવાવાળી જમીન આ કામના પ્રતિવાદી ન. ૧ થી ૬નાઓ જાતે કે તેમના માણસો,નોકરો,એજન્ટો,એસાઈનીઓ,એટર્નીઓ કે મળતીયાઓ કે અન્ય કોઈ ત્રાહિત ઈસમો દ્રારા વાદી તથા પ્ર.વાદી ન.૭નાઓના કાયદેસરના સંયુકત શાંત કબજા ભોગવટામાં દલખ,અંતરાય,હેલો,હરકત કે રૂકાવટ કરે કરાવે નહી તેજમ દાવાવાળી મિલકતમાં વાદી તથા પ્ર.વાદી ન. ૭ને ખેતી કરી તેમના હિસ્સાની ઉપજ મેળવતા રોકે રોકાવે નહી તેમજ સદર દાવાવાળી મિલકતમાં આવેલ ગ્રા. પં.મિ ન. ૯૪૪વાળા મકાનનો વાપર ઉપયોગ કરતા વાદી તથા પ્ર.વાદી ન. ૭ને અટકાવે નહી તેમજ સદરહુ મકાનની દેખરેખ માટે વાદી તથા પ્ર.વાદી ન. ૭નાએ રાખેલ વિશ્વાસુ હિમાંશુભાઈ ચીમનભાઈ પટેલનાઓને સદર મકાનનો વાપર ઉપભોગ કરતા દખલ અંતરાય કરે કરાવે નહી કે સદર મકાનમાંથી તેમને બેદખલ કરે કરાવે નહી તેવો પ્ર.વાદી ન. ૧ થી ૬ની વિરૂધ્ધમા અને વાદીના લાભમાં દાવાનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી કામ ચલાઉ મનાઈ હુકમ આપવા મહે. કરશો.તેમજ પ્ર.વાદી ન. ૧થી ૬નાઓ જાતે કે તેમના નોકરો,એજન્ટો,મળતીયાઓ,માણસો,એટર્ની હોલ્ડ,એસાઈનીઓ

કોઈપણ ત્રાહિત વ્યકિત દ્રરા ગીરો,બક્ષીસ,વેચાણ,બાનાખત કે અન્ય કોઈપણ પ્રકારે ટ્રાન્સફર કરે કરાવે નહી કે દાવાવાળી મિલકતો ઉપર બોજો ઉત્પન્ન કરે કરાવે નહી તેઓ કામચલાઉ મનાઈ હુકમ પ્ર.વાદી ન.૧ થી ૬ વિરૂઘ્ધ ફરમાવવા મહે. કરશોજી.

(૨) વાદીની દાવાની ટુંકમા વિગત જોઈએ તો, આ કામના પ્ર.વાદી ન.૭નાઓ વાદીના સગા ભાઈ છે અને હાલ પરદેશ હોય જેથી તેમની સહી કે પાવર તાત્કાલીક મેળવી શકાય તેમ ન હોય જેથી પક્ષકારની ખામીનો બાઘ ન નડે જેથી તેઓને પ્ર.વાદી ન. ૭ તરીકે જોડેલ છે. આ કાના વાદી તથા પ્ર.વાદીઓ કુટુંબી ભાઈઓ તથા બહેનો તથા કુટુંબીઓ છીએ. વાદીના ગુજ. પિતા કનુભાઈ રાવજીભાઈ પટેલ તથા પ્ર.વાદી ન.૧ તથા ૨થી ૬ના ગુજ. વડીલ ચિતરંજનભાઈ અંબુભાઈ પટેલનાઓ કુટુંબીઓ ભાઈ –બહેનો થાય છે.વાદીની દાવાવાળી મિકલતનો વહીવટ વાદીના વિશ્વાસુ ઉમેશભાઈ મફતભાઈ પટેલનાઓ છેલ્લા ઘણા વર્ષોથી કરતા આવેલા છીએ અને હાલનો દાવો વાદી વીત ઉમેશભાઈ પટેલનાઓએ દાખલ કરેલ છે. દાવાવાળી જમીન મોજે રામોલ ગામ તા.વસો જિ.ખેડા મુકામે આવેલ બ્લોક/સ.ન. ૧૫૮વાળી ખેતીની જમીન જુની શરતની ખાતા ન. ૨વાળી કુલ ક્ષેત્રફળ ૦–૨૨–૬૦ વાળી જમીન જેના આકાર રૂા. ૪.૩૪ પૈસા વાળી જમીનમા મૌખિક વહેચણીના આધારે સદરહુ જમીન પૈકી દક્ષિણ દિશા તરફની અડઘી જમીન એટલે કે ઉપરકોત જમીન પૈકી ૦–૧૧–૩૦વાળી જમીન મૌખિક વહેચણીથી આજથી ૫૩ વર્ષ પહેલા વાદી તથા પ્ર.વાદી ન.૭ના ગુજ. પિતા કનુભાઈ રાવજીભાઈના હિસ્સે આવેલી હતી પરંતુ તેની રેવન્યુ રેકર્ડમા અસર જે તે સમયે બાકી રહેલ અને અમારા ભાગના હિસ્સામા દક્ષિણ દિશામાં અમારા ગુજ. પિતા કનુભાઈએ એક મકાન પોતાના સ્વખર્ચે બાંઘેલ જેના ગ્રામ પંચાયન મિલકત ન.૯૪થી આવેલ છે .ત્યારબાદ તા. ૨૯/૫/૨૦૧૪ના રોજ રૂા. ૧૦૦/–ના નોન જયુડિશયલ સ્ટેમ્પ પેપર ઉપર(રેવન્યુ રેકર્ડમા એન્ટ્રી આપવાના હેતુથી) આ કામના પ્ર.વાદી ન. ૧ તથા પ્ર.વાદી ન.૨ થી ૬ના ગુજ.

વડીલ ચિતરંજનભાઈ અંબુભાઈ પટેલનાઓએ અમારા પિતા કનુભાઈના અવસાન બાદ વાદી તથા પ્ર.વાદી ન.૭ તથા અમારી માતા ગુજ. શારદાબેન કનુભાઈ પટેલને નોટરાઈઝ કોટુમ્બીક મિલકત યાદદાસ્તનો કરાર મૌખિક વહેચણીના ૪૫ વર્ષ બાદ નોટરી પ્લલિક સીરીયલ ન. ૪૦૫૯ બુક ન. ૩ પેજ ન. ૧૨૮થી બે સાક્ષી રૂબરૂ કરવામા આવેલ હતો. ત્યારબાદ તેની રેવન્યુ રેકર્ડની અસર બાકી રહી ગયલહ તી ત્યારથી તેમજ ત્યારબાદ હાલમા અમો વાદીએ અવાર નવાર આ કાના પ્ર.વાદી ન. ૧ થી ૬નાઓને સદર વહેચણી મુજબ રેવન્યુ રેકર્ડમા વિભાજન કરવા માટે જણાવેલ હતુ પરંતુ તેઓ કઈ ગણકારતા ન હતા જેથી પ્ર.વાદી ન. ૫નાએ સદર મિલકત પચાવી પાડવાના હેતુથી વાદી તથા પ્ર.વાદી ન. ૭નાએ અમારી દાવાવાળી મિલકતમા આવેલ મકાન અમારા વિશ્વાસુ હિમાંશુ ચીમનભાઈ પટેલનાઓને દેખરેખ માટે સોપેલ હતુ તેમની સામે તમામ હમકીકત જાણતા હોવા છતા ખોટી રીતે લેન્ડ ગ્રેબીંગની અરજી તા. ૨૦/૭/૨૨ના રોજ કરેલ છે અને પ્ર.વાદી ન. ૧ થી ૬ની દાનત આ દાવાવાળી મિકલત પચાવી પાડવાનહોયજેથી હાલનો દાવો દાખલ કરી દાદ માંગેલ કે .

**(એ)** દાવાવાળી જમીનના અનુસંધાને વાદી તથા પ્ર.વાદી ન. ૭નાએ ગુજ. કનુભાઈ રાવજીભાઈ પટેલના તથા ગુજ. શારદાબેન કનુભાઈ પટેલના સીધીલીટીના કાયદેસરના વારસો છીએ તેવુ જાહેર કરવાનો હુકમ તથા સદર દાવાવાળીજમીન આજથી ૫૩ વર્ષ અગાઉ થયેલ મૌખિક વહેચણીના આધારે તેમજ ત્યારબાદ બાદ તા. ૨૯/૫/૧૪ના રોજ આ કામના પ્ર.વાદી ન. ૧ તથા ૨ થી ૬ના ગુજ. વડીલ ચિતરંજનભાઈનાઓ અમો વાદીતથા પ્ર.વાદી ન. ૭ તથા ગુજ. માતાને કરી આપેલ કૌટુબિક મિલકત વહેચણીનો યાદદાસ્તનો કરાર જે નોટરાઈઝ કરી આપેલ છે તેના આધારે દાવાવાળી મિલકતના છેલ્લા ૫૩ વર્ષથી વાદી તથા પ્ર.વાદી ન. ૭ના બે રોક કોટ કજબ ભોગવટાના આધારે સ્વતંત્ર માલિક તથા કબજે ભોગવટેદારો છે તેમના આ જમીનમા પ્ર.વાદી ન. ૧થી ૬નો કોઈપણ જાતનો લાગ,ભાગ હિસ્સો આવેલ નથી તેવો હુકમ તથા હુકમનામુ કરશોજી.

(બી) દાવાવાળી મિલકતના રેવન્યુ રેકર્ડમાં મૌખિક વહેચણી તથા તા. ૨૯/૫/૧૪ના રોજ કરવામા આવેલ નોટોરાઈઝ વહેચણી કરાર તથા ૫૩ વર્ષથી આવેલ કબજા ભોગવટાના આધારે અમો વાદી તથા પ્ર.વી ન. ૭નુ નામ કાયદેસરના સ્વતંત્ર માલિક તથા કબજે ભોગવટેદાર તરીકે સહમાલિકો તરીકે ચઢાવી આપવા માટે પ્ર.વાદી ન. ૧ થી ૬ને હુકમ કરશો.

(સી)દાવાવાળી જમીનમા પ્ર.વાદી ન. ૧ થી ૬નાઓ તેમના માણસો,નોકરો,એજન્ટો,એસાઈનીઓ,એટર્નીઓ કે મળતીયા કે અન્ય કોઈ ત્રાહિત ઈસમો દ્રારા વાદી તથા પ્ર.વાદી ન. ૭ના કાયદેસરના કબજા ભોગવટામા દખલ અંતરાય કરે કાવે નહી તેમજ ખેતી કરતા અટકાવે નહી તેમજ આ દાવાવાળી મિલકતમા આવેલ ગ્રા.પ.મિ.ન. ૯૪૪વાળા મકાનનો વાપર ઉભયોગ કરતા વીતથા પ્ર.વાદી ન. ૭ને રોકે રોકવે નહી તેમજ તેઓએ રાખેલવિશ્વાસુ હિંમાશુભાઈ ચીનમીભાઈન પટેલને મકાનનો વાપર ઉપયોગ કરતા દખલ અંતરાય કરે કારવે નહી તેવો જાથુના મનઈી હુકમ આપવા.

(ડી) દાવાવાળી જમીન આ કામના પ્ર.વાદી ન.૧ થી ૬ાઓ તેમના માણસો,નોકરો,એજન્ટો,એસાઈનીઓ,એટર્નીઓ કે મળતીયા કે અન્ય કોઈ ત્રાહિત ઈસમો દ્રારા ગીરો,બક્ષીસ, વેચાણ,બાનાખત કે અન્ય કોઈપણ પ્રકારે ટ્રાન્સફર કરે કારવે નહી તે કોઈપણ પ્રકારનો બોજો ઉત્પન્ન કરે કરાવે નહી કે દાવાવાળી જમીનમા વાદી તથા પ્ર.વાદી ન. ૭ના હકક,હિસ્સાને નુકશાન પહોચાડે નહી તેવુ વાદીના લાભમા હુકમનામુ કરશોજી.

(ઈ) દાવા અરજીનુ સ્વરૂપ જોતા દાવા અરજીનુ ખર્ચ પ્ર.વાદી ન. ૧થી ૬ પાસે આપાવવા તથા વાજબી લાગે તેવી હરકોઈ દાદ આપવા મહે. કરશોજી.

(૩)આ કામના પ્રતિવાદીઓને સમન્સ ઈસ્યુ કરતા પ્ર.વાદી ન.૫ તરફથી આંક- ૧૨ જવાબ રજુ રાખી વાદીના દાવાની સમગ્ર હકીકત નકારેલ છે. ત્યારબાદ પ્ર.વાદી ન. ૧નાએ આંક-૩૦થી,પ્ર.વાદી નં.૩નાએ આંક-૩૩થી પ્ર.વાદી ન. ૫નો જવાબ અડોપ્ટ કરતી પુરસીસ રજુ રાખેલ છે.જયારે પ્ર.વાદી ન. ૨,૪,૬,૭નાઓને

કરેલ સમન્વ વગર બજે થતા વાદી આ પ્ર.વાદી ન. ૨,૪,૬,૭નુ નવુ સરનામુ રજુ કરી ન શકતા પ્ર.વાદી ન.૨,૪,૬,૭ વિરૂઘ્ધ દાવો ડીસમીસ કરવાનો હુકમ આંક–૧ હેઠળ કરવામા આવેલ.

(૪)<u>પક્ષકારો તરફથી રજુઆત</u>:– વાદી તરફથી આંક–૪રથી લેખિત દલીલ રજુ કરેલ છે જે માનસહ વંચાણે લઘેલ અને પ્ર.વાદી ન.૧,૩,૫ તરફથી આંક–૫ની દલીલ રજુ ન કરતા તેઓનો દલીલ કરવાનો હકક બંધ કરવામાં આવેલ.

- વાદી તરફથી આંક–૪રથી લેખીત દલીલ રજુ કરવામા આવેલ છે જેમા મુખ્યત્વે દાવા અરજીનુ રીપીટેશન કરેલ છે અને જણાવેલ છે કે આ કામે માંગ્યા મુજબનો કામ ચલાઉ મનાઈ હુકમ આપવામા ન આવેતો વાદીને નાણામા ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જાય તેમ છે જેથી હાલની અરજીની માંગ્યા મુજબની દાદ મંજુર કરવા અરજ કરેલ છે.

(૫)ઉપરોકત વાદીની દલીલો તથા પ્રતિવાદી ન.૧ વાંધા–જવાબ ઘ્યાને લેતા હાલની અરજીના નિર્ણય અર્થે નીચે મુજબના મુદૃાઓ ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| (૧) | શુ વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે? |
| (૨) | શુ અગવડતા–સગવડતાનુ પલ્લુ વાદીની તરફેણમા છે? |
| (૩) | શુ હાલની મનાઈઅરજી નામંજુર કરવામા આવેતો વાદીને નાણામા ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જવાની શકયતા છે? |
| (૪) | શુ હુકમ. |

(૬) ઉપરોકત મુદૃાઓના નિર્ણયો નીચે મુજબ છે

| | |
|---|---|
| (૧) | **ન કાર માં** |
| (૨) | **ન કા ર માં** |
| (૩) | **ન કા ર માં** |
| (૪) | **આખરી હુકમ મુજબ.** |

(૭)આગળની ચર્ચા કરતા પહેલા આ કામે વાદી તરફથી પોતાની દાવા–અરજીના સમર્થનમા નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

| માર્ક | દસ્તાવેજની વિગત |
|---|---|
| ૩/૧ | વાદીએ દાવાવાળી મિલકત અંગે કરી આપેલ પાવર ઓફ એટર્ની |
| ૩/૨ | દાવાવાળી મિલકત અંગે કરવામા આવેલ કૌટુબિક વહેચીની યાદદાસ્તનો કરારની નકલ |
| ૩/૩ | દાવાવાળી મિલકતના ગામ નમુના ૭ની નકલ |
| ૩/૪ | દાવાવાળી મિલકતના ગામ નમુના ૮ની નકલ |
| ૩/૫ | દાવાાવળી મિલકતમા આવેલ કાનની ગ્રામ પંચાયત અકારણી સન–૨૦૧૯–૨૦૨૦ |
| ૩/૬ | દાવાવાળી મિલકતમા આવેલ મકાનમા આવેલ લાઈટબીલની નકલ |
| ૩/૭ | વાદીના કુલ મુખત્યારની આધાર કાર્ડની નકલ |
| ૩/૮ | પ્ર.વાદી ન. પનાએ લેન્ડ ગ્રેબીંગની અરજીની નકલ |
| ૩/૯ | શારદાબેન કનુભાઈ પટેલનો મરણ દાખલો |
| ૩/૧૦ | પ્ર.વાદી ન. પનાએ કરેલ લેન્ડ ગ્રેબીંગ અરજી ન.૬૦/૨૨ના કામે હિંમાશુભાઈ ચીમનભાઈ પટેલનો જવાબ |
| ૩/૧૧ | દાવાવાળી મિલકતના ગામ નમુના ૭ની તા. ૦૮/૦૮/૨૨ના રોજની ડિજીટલ સહીવાળી નકલ |

(૮) વાદી તરફથી રજુ કરવામા આવેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા માર્ક– ૩/૧ વાદી ન.૧ તથા તેમના માતા શારદાબેન કનુભાઈ પટેલનાઓએ પટેલ ઉમેશભાઈ મફતભાઈને દાવાવાળીમિલકત અંગેનુ પાવર ઓફ અટર્ની કરી આપેલ તે અંગેની નકલ રજુ છે.માર્ક–૩/૨થી દાવાવાળી જમીન અંગેનો વહેચણી કરાર છે જે વંચાણે લેતા દાવાવાળી જમીન એટલેકે મોજે રામોલ ખાતે આવેલ સ.ન. ૧૫૮ ખાતા ન. ૨ના દક્ષિણ તરફથી ૦–૧૧–૩૦, આકાર રૂા. ૪.૩૪ પૈસાવાળી જમીન વાદી તથા પ્ર.વાદીન . ૭ના ભાગે આવેલ હોવાનુ જણાઈ આવે છે અને આ સંમતિ કરાર સન–૨૦૧૪ની સાલમા નોરટી રૂબરૂ કરેલ હોવાનુ જણાઈ આવે છે પરંતુ આ સાથે માર્ક–૩/૧૧થી દાવાવાળી જમીનના

તા. ૦૮/૦૮/૨૦૨૨ના રોજ ની ગામ નમુના ૭ની ડિઝીટલ કોપી રજુ થયેલ છે તેમા વાદી તથા પ્ર.વાદી ન. ૭નુ નામ ચડેલ નથી.આ કામના વાદી તરફથી દલીલ કરવામા આવેલ છે કે ગ્રામ પંચાયત ઘર નંબર ૯૪૪ની આકારાણી રજુ થયેલ છે તેમા વાદી તથા પ્ર.વાદી ન. ૭નુ નામ છે. પરંતુ માર્ક–૩/૨વાળા સંમતિ કરારની અસર આજદીન સુધી એટલેકે દાવો દાખલ કરેલ ત્યાં સુધી રેકર્ડ ઉપર શુ કામ આપવામા આવેલ નથી તે અંગેનુ કોઈ ઠોસ કારણ વાદી જણાવતા નથી. દાવાવાળી જમીનમા વાદીનુ નામ ચાલતુ નથી તેમજ આ માર્ક –૩/૫વાળો દસ્તાવેજ વંચાણે લેતા આ મકાન વાદી તથા વાદીના માતા ગુજ. શારદાબેનના નામે ચાલે પરંતુ આ મકાન આ દાવાવાળી જમીનમા આવેલ છે કે કેમ? તે આ દસ્તાવેજથી માલુમ પડતુ નથી તેના માટે પુરતો પુરાવો લીધા બાદજ નકકી થઈ શકે તેમ છે કે ગ્રા.પં.ઘર નંબર ૯૪૪ આ ખેતરમા આવેલ હતુ અને વાદીના પિતાએ બનાવેલ હતુ. વિશેષમાં આ કામના પ્ર.વાદીઓને સમન્સ કરવાનો હુકમ કરતા પ્ર.વાદી ન.૨,૪,૬,૭નાને સરનામાના અભાવે બજવણી થઈ શકેલ ન હોવાથી તેમનુ નવુ સરનામુ વાદીએ પુરતો સમય આપવા છતા રજુ ન કરતા પ્ર.વાદીન. ૨,૪,૬,૭નાઓ સામે દાવો ડિસમીસ કરવાનો હુકમ કરવામાં આવેલ.જેમાથી પ્ર.વાદી ન. ૭ વાદીના કથન મુજબ તેમના સગા ભાઈ છે. આમ ,વાદી તેમના સગા ભાઈને પણ સમન્સની બજવણી કરાવી શકેલ નથી. આમ, વાદીએ હાલની અરજી કરી જે કામચલાઉ મનાઈ હુકમની માંગણી કરેલ છે તે જરૂરી પક્ષકારના અભાવે આપી શકાય નહી.

(૯) આમ, વાદી પોતાનો કેસ પ્રથમદર્શનીય સાબિત કરી શકેલ નથી. વિશેષમા નામદાર સર્વોચ્ચ અદાલતે Kashi Math Samsthan v. Srimad Sudhindra Thirtha Swamy [1] ના કેસના પેરા ન. ૧૩મા ઠરાવેલ છે કે *It is well settled that in order to obtain an order of injunction, the party who seeks for grant of such injunction has to prove that he has made out*

1 AIR(SC) 2010 296

*a prima facie case to go for trial, the balance of convenience is also in his favour and he will suffer irreparable loss and injury if injunction is not granted. But it is equally well settled that when a party fails to prove prima facie case to go for trial, question of considering the balance of convenience or irreparable loss and injury to the party concerned would not be material at all, that is to say, if that party fails to prove prima facie case to go for trial, it is not open to the Court to grant injunction in his favour even if, he has made out a case of balance of convenience being in his favour and would suffer irreparable loss and injury if no injunction order is granted"*આમ, ઉપર કરેલ ચર્ચા મુજબ, વાદી પોતાનો કેસ પ્રથમ દર્શનીય કેસ સાબિત કરવામા નિષ્ફળ ગયેલ હોવાથી મુદ્દા ન. ૧નો જવાબ નીચે મુજબ આપવામા આવે છે.

**<u>હુકમ</u>**

(૧) આ કામના વાદીની આંક-૫ની મનાઈઅરજી ના-મંજુર કરવામાં આવે છે.

(૨) અરજીનુ ખર્ચ દાવાના ખર્ચને અનુસરશે.

હુકમ આજ રોજ તા.૧૩મી, માહે-ફેબ્રુઆર સન-૨૦૨૫ના રોજ ખુલ્લી અદાલતમા વાચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૨/૨૦૨૫
સ્થળ:વસો

(જીજ્ઞેશ હરીશભાઈ ભટ્ટ)
મુખ્ય સિવીલ જજ
વસો
**<u>કોડ ન. જીજે-૦૧૫૬૮</u>**